Gujarat Samachar (Supple.: Guj Plus)
February 19, 2015
Page No. 2

EDI

# બિઝનેસ શરુ કરતાં પહેલા સામાજિક સાઇકોલોજી સમજવી ખૂબ જરૂરી બાબત



અમદાવાદની આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) ખાતે ત્રિદિવસીય અગિયારમી બાયનિઅલ કોન્ફરન્સનું આયોજન કરાયું છે. કાર્યક્રમના આ પ્રસંગે બિઝનેસ ઈતિહાસકાર અને પ્રોફેસર દ્વિજેન્દ્ર ત્રિપાઠીએ સમાજના બદલાતા પ્રવાહો અને યુવાનોને ઉદ્યોગસાહસિક અંગે નવી દિશા કંડારવી પડશે તેમજ અર્થતંત્રની વધઘટ અને નુકશાન વિશે કેટલીક મહત્વની જાણકારી આપી હતી.

ઈડીઆઈના ડાયરેક્ટર દિનેશ અવસ્થી કહે છે કે આંત્રપ્રિન્યોરશીપની આ સૌથી મોટી રિસર્ચ કોન્ફરન્સ છે. જ્યાં આંત્રપ્રિન્યોરશીપને લગતા રિસર્ચ પેપર રજૂ થશે. આંત્રપ્રિન્યોરશીપ એટલે ઉદ્યોગસાહસિક તેના કરતા પણ બિઝનેસ, એજ્યુકેશન, ઈનોવેશન, હાઈ ટેકનોલોજી પણ તેમાં જ આવે છે.

**આંત્રપ્રિન્યોરશીપ, માઇક્રો-એન્ટરપ્રાઇઝ, ઇનોવેશન, એગ્રીપ્રિન્યોરશીપ, એસએમઇ, જેવા વિષય પર ૧૫૦ પેપર રજૂ કરાશે**